**સચિવશ્રી (સા.ન્યા) ના અધ્યક્ષસ્થાને તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ ૩:૦૦ કલાકે યોજાયેલ તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ:-**

---

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ, ૨૦૧૬ ની કલમ-૩૪ માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સચિવશ્રી (સા.ન્યા.) ના અધ્યક્ષસ્થાને તજજ્ઞ સમિતિની બેઠક તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ ૩:૦૦ કલાકે મળેલ બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષર-૧ મુજબ છે. ના.સ.શ્રી (સ.સુ.) એ ઉપસ્થિત અધિકારીશ્રીઓ, તબીબી નિષ્ણાતો, બિન સરકારી સભ્યોને આવકારીને બેઠકની શરૂઆત કરી. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

- **<u>એજન્ડા નં.૧</u>**:- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકનાં મત્સ્ય અધિકારી (સા) સંવર્ગમાં OAL પ્રકારની દિવ્યાંગતાને મેડિકલ બોર્ડનાં અભિપ્રાયને આધીન મંજૂરી આપવા બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **<u>કાર્યવાહી</u>**:- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાંથી ઉપસ્થિત અધિકારીશ્રીએ મત્સ્યોદ્યોગ ખાતાનાં તાંત્રિક સંવર્ગો નાયબ મત્સ્યોદ્યોગ કમિશનર (તાંત્રિક), નાયબ મત્સ્યોદ્યોગ નિયામક (તાંત્રિક), મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક (તાંત્રિક), મત્સ્યોદ્યોગ અધિક્ષક, મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક (સી.) અને મત્સ્ય અધિકારી (સા) માં One Arm and One Leg(OAL) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને મેડીકલ બોર્ડનાં અભિપ્રાયને આધીન નિમણૂક આપવાની શરતે ભરતી પ્રક્રિયામાંથી પસાર થવા દેવા માટે દરખાસ્ત કરેલ. તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત સંવર્ગોની કામગીરીને ધ્યાને લઇ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની ઉક્ત દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.

- **<u>એજન્ડા નં.૨</u>**:- રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ હસ્તકનાં ડિસ્ટ્રીકટ કોચ અને તાલુકા રમત વિકાસ અધિકારીના સંવર્ગમાં દિવ્યાંગતામાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિને રજૂ કરવી.
- **<u>કાર્યવાહી</u>**:- રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાંથી ઉપસ્થિત પ્રતિનિધિ દ્વારા ડિસ્ટ્રીકટ કોચ અને તાલુકા રમત વિકાસ અધિકારીના સંવર્ગમાં દિવ્યાંગતામાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવા દરખાસ્ત કરવામાં આવેલ. જે-તે રમતને અનુરૂપ કોચની પસંદગી તેમજ તેને અનુકૂળ દિવ્યાંગતાનાં પ્રકાર માટે જરૂર જણાયે કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરીનો પરામર્શ કરી તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત કરવા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

K. R. [signature]

- **એજન્ડા નં.3**:- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકનાં ૦૪ સંવર્ગોમાં OA, OL ની દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારોને મેડિકલ બોર્ડનાં અભિપ્રાયનાં આધારે નિમણૂક આપવાની શરતે મંજૂરી આપવા બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **કાર્યવાહી**:- બંદરો અને વાહન વ્યવહાર વિભાગમાંથી ઉપસ્થિત અધિકારીશ્રી દ્વારા (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૧, (૨) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૨, (3) મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ અને (૪) સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-3 ના સંવર્ગોમાં One Arm (OA) અને One Leg (OL) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને મેડીકલ બોર્ડનાં અભિપ્રાયને આધિન નિમણૂક આપવાની શરતે ભરતી પ્રક્રિયામાંથી પસાર થવા દેવા માટે દરખાસ્ત કરેલ. તજજ્ઞ સમિતિ દ્વારા વિભાગની સદરહુ દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.
- **એજન્ડા નં.૪**:- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકનાં ગુજરાત મેરીટાઇમ બોર્ડનાં ૦૬ સંવર્ગોમાં દિવ્યાંગતાનાં પ્રકાર/ટકાવારી નિયત કરવા બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **કાર્યવાહી**:- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકનાં ગુજરાત મેરીટાઇમ બોર્ડનાં ૦૬ સંવર્ગોમાં ભારત સરકારે માન્ય રાખેલ દિવ્યાંગતા, સંવર્ગની કામગીરી, ભરતી નિયમો તેમજ મંજુર થયેલી જગ્યાને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકનાં ગુજરાત મેરીટાઇમ બોર્ડનાં ૦૬ સંવર્ગોમાં તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | અધિક્ષક ઇજનેર(બાં) | ૧ | ૦૪ | - | D, HH | OA, OL, BA, BL, CP, LC, Dw, AAV, SI, SD | SLD, MI, MD | - | **D, HH** | **OA, OL, BA, BL, CP, LC, Dw, AAV, SI, SD** | **SLD, MI, MD** |
| ૨ | નાયબ જનરલ મેનેજર (પર્યાવરણ) | ૧ | ૦૨ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw AAV, SD, SI | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, OL, BL, BA, OAL, BLOA, BLA, CP, LC, Dw, AAV, SD, SI** | **SLD, MD** |
| 3 | મેનેજર (પર્યાવરણ) | ૧ | 03 | B, LV | D, HH | OA, BA, OL, BL, CP, LC, Dw, AAV, MDy, SD SI | MI, MD | **B, LV** | **D, HH** | **OA, OL, BL, BA, CP, LC, Dw, AAV, Mdy, SD, SI** | **MI, MD** |

K. R. [signature]

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | બંદર અધિકારી (વહીવટ) | ૧ | ૦૩ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, MDy, SD, SI | SLD, MI, MD | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, MDy, SD, SI** | **SLD, MI, MD** |
| ૫ | અધિક્ષક સંવર્ગ(અધિક્ષક, સીનીયર ઓડિટર, ટ્રાફિક ઇન્સ્પેક્ટર) | ૩ | ૧૯ | B, LV | D, HH | OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI, MD | **B, LV** | **D, HH** | **OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI** | **SLD, MI, MD** |
| ૬ | મુખ્ય કારકુન | ૩ | ૭૦ | B, LV | D, HH | OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI, MD | **B, LV** | **D, HH** | **OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI** | **SLD, MI, MD** |

- **<u>એજન્ડા નં.૫</u>**:- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકનાં નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ઔષધ), વર્ગ-૩, નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ખોરાક), વર્ગ-૩ સંવર્ગમાં નિયત કરવામાં આવેલ ૪૦% થી ૭૦% ની દિવ્યાંગતાની ટકાવારી યથાવત રાખવા તથા ફુડ સેફ્ટી ઓફિસર, વર્ગ-૩ સંવર્ગની તમામ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૭૦% રાખવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **<u>કાર્યવાહી</u>**:- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકનાં નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ઔષધ), વર્ગ-૩, નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ખોરાક), વર્ગ-૩ સંવર્ગમાં તા.૧૦/૦૩/૨૦૨૬ ના ઠરાવથી LV, SLD અને MI ની દિવ્યાંગતામાં નિયત કરેલ ૪૦% થી ૭૦% દિવ્યાંગતાની ટકાવારીને યથાવત રાખવા તેમજ ફુડ સેફ્ટી ઓફિસર, વર્ગ-૩ સંવર્ગમાં તા.૧૪/૦૬/૨૦૨૪ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ તમામ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૭૦% રાખવા દરખાસ્ત કરવામાં આવેલ.

Low Vision (LV) માં દિવ્યાંગતાની ટકાવારી માટે બેઠકમાં ઉપસ્થિત સંબંધિત તબીબી નિષ્ણાતે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, ભારત સરકારનાં તા.૧૨/૦૩/૨૦૨૪ ના નોટીફિકેશનથી કરેલ જોગવાઇને ધ્યાને લઇ અભિપ્રાય આપતાં જણાવેલ કે, દિવ્યાંગતાની કેટેગરી-(a) માં ફક્ત Low Vision(LV) ને માન્ય રાખેલ હોય તો દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૮૦% રાખવાની રહે છે. જો કેટેગરી-(a) માં Low Vision(LV) સાથે Blind(B) ની દિવ્યાંગતાને પણ માન્ય રાખેલ હોય ત્યારે Low Vision(LV) માટે દિવ્યાંગતાની ટકાવારી દર્શાવવાની રહેતી નથી.

SLD અને MI ની દિવ્યાંગતામાં ટકાવારી અંગે ઉપસ્થિત સંબંધિત તબીબી નિષ્ણાતોએ આપેલ સૂચન મુજબ, SLD અને MI ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારનો જો અંતિમ પસંદગી યાદીમાં સમાવેશ થાય તો જે સંવર્ગ/જગા પર પસંદગી પામ્યા હોય તેની કામગીરી કરવા તેઓ

K. R. [signature]

સક્ષમ છે કે કેમ? તે અંગે મેડિકલ બોર્ડનાં સ્પષ્ટ અભિપ્રાયનાં આધારે નિમણૂક કરવાની રહેશે. તબીબી નિષ્ણાતોનાં ઉક્ત સૂચનને તજજ્ઞ સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

ફુડ સેફ્ટી ઓફિસર, વર્ગ-૩ સંવર્ગમાં તા.૧૪/૦૬/૨૦૨૪ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ દિવ્યાંગતામાં LV, SLD અને MI ની દિવ્યાંગતામાં ઉપર્યુક્ત અભિપ્રાયને ધ્યાને લેવાનો રહેશે. તે સિવાયની દિવ્યાંગતા માટે ૪૦% થી ૧૦૦% દિવ્યાંગતાની ટકાવારી માન્ય રાખવાની રહેશે.

વધુમાં, કેટેગરી-(b) માં Deaf(D) અને Hard of Hearing(HH) માટે દિવ્યાંગતાની ટકાવારી સંદર્ભે બેઠકમાં ઉપસ્થિત સંબંધિત તબીબી નિષ્ણાતે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, ભારત સરકારનાં તા.૧૨/03/૨૦૨૪ ના નોટીફિકેશનથી કરેલ જોગવાઇને ધ્યાને લઇ અભિપ્રાય આપતાં જણાવેલ કે, કેટેગરી-(b) માં ફક્ત Hard of Hearing (HH) ને માન્ય રાખેલ હોય તો દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૭૦% રાખવાની રહે છે. જો કેટેગરી-(b) માં Hard of Hearing (HH) સાથે Deaf (D) ની દિવ્યાંગતાને પણ માન્ય રાખેલ હોય ત્યારે Hard of Hearing (HH) માટે દિવ્યાંગતાની ટકાવારી દર્શાવવાની રહેતી નથી.

- <u>એજન્ડા નં.૬</u>:- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકનાં તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળની પેરામેડિકલનાં ૧૩ સંવર્ગો માટે માન્ય રાખેલ દિવ્યાંગતા પૈકી SLD, MI માં દિવ્યાંગતાની ટકાવારી નિયત કરવા બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- <u>કાર્યવાહી</u>:- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકનાં તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળનાં પેરામેડિકલનાં ૧૩ સંવર્ગો માટે નિયત કરેલ દિવ્યાંગતા પૈકી તા.૦૬/૦૪/૨૦૨૨ નાં ઠરાવથી નિયત કરેલ LV, HH. SLD અને MI ની દિવ્યાંગતાની ટકાવારી માટે એજન્ડા નં.૫ મુજબની તજજ્ઞ સમિતિએ આપેલ મંજૂરી ધ્યાને લેવાની રહેશે.

- <u>એજન્ડા નં.૭</u>:- માર્ગ અને મકાન વિભાગ હસ્તકનાં મદદનીશ ઇજનેર(સિવિલ), વર્ગ-૨ સંવર્ગની ફરજો અને જવાબદારી તેમજ "બધિર અને ઓછું સાંભળનાર" પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર માટે તબીબી અધીક્ષકશ્રીની કચેરીની સમિતિના અભિપ્રાયને ધ્યાને લઈને ઉક્ત સંવર્ગમાં ઉમેદવારની દિવ્યાંગતા ગ્રાહ્ય રાખવી કે કેમ? તે બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- <u>કાર્યવાહી</u>:- માર્ગ અને મકાન વિભાગ હસ્તકનાં મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ સંવર્ગમાં "બધિર અને ઓછું સાંભળનાર" પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર માટે તબીબી અધીક્ષકશ્રીની કચેરીની સમિતિએ "As per the committee's opinion if the candidate needs to communicate effectively with colleagues and subordinates, then he is unfit for that kind of job. He

K. R. [signature]

is fit for desk job, where communication is not mandatory in the job role." મુજબનો અભિપ્રાય આપેલ છે. માર્ગ અને મકાન વિભાગમાંથી ઉપસ્થિત અધિકારીશ્રીએ સદરહુ તબીબી અભિપ્રાય મુજબ ઉમેદવારને નિમણૂક આપવા સંદર્ભે માર્ગદર્શન આપવા વિનંતી કરેલ.

ઉમેદવારનાં દિવ્યાંગતા પ્રમાણપત્ર મુજબ તેઓ Hearing Impairment ની દિવ્યાંગતા ધરાવે છે. જ્યારે મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ સંવર્ગમાં Deaf (D) અને Hard of hearing (H) ની દિવ્યાંગતા નિયત કરેલ હોવાથી ઉમેદવાર મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ માટે માન્ય રાખેલ દિવ્યાંગતા ધરાવે છે. વધુમાં, communication સંબંધિત મર્યાદા/ખામીનો દિવ્યાંગતામાં સમાવેશ થતો નથી. જેથી તજજ્ઞ સમિતિ દ્વારા ઉપસ્થિત મુદ્દાઓ પરત્વે વિચાર-વિમર્શ કરી ઉમેદવારને ઉક્ત સંવર્ગમાં નિમણૂક આપી શકાય તે મુજબનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

- <u>એજન્ડા નં.૮</u>:- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં મદદનીશ ઈજનેર (સિવિલ) સંવર્ગમાં માન્ય દિવ્યાંગતા ન હોવા છતાં ઉમેદવાર શ્રી વિક્કીકુમાર પ્રકાશભાઈ પટેલને કોર્ટ ઓફ કમિશનરશ્રી (દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) ના તા.૦૯/૧૨/૨૦૨૫ ના કેસ નં.૨૫૧૭/૨૦૨૫ ના આદેશ અનુસાર ખાસ કિસ્સામાં ઉક્ત સંવર્ગમાં દિવ્યાંગતાની કેટેગરી 'C' માં નિમણૂક આપવા બાબતે અનુમોદન આપવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- <u>કાર્યવાહી</u>:- ઉમેદવાર શ્રી વિક્કીકુમાર પ્રકાશભાઈ પટેલ OAL ની દિવ્યાંગતા ધરાવે છે. સદરહુ દિવ્યાંગતાને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં મદદનીશ ઈજનેર (સિવિલ) સંવર્ગમાં માન્ય રાખેલ નથી. તબીબી અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદનાં અહેવાલને ધ્યાને લઇ જા.ક્ર.:૧૧૧/૨૦૨૪-૨૫ મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ ના જોબ ચાર્ટ મુજબ શ્રી વિક્કીકુમાર પ્રકાશભાઇ પટેલ કામગીરી કરવા સક્ષમ હોવાથી સદર ભરતી પ્રક્રિયામાં તેઓને સમાવેશ કરવા કોર્ટ ઑફ કમિશનરશ્રી(દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) એ કેસ નં.૨૫૧૭/૨૦૨૫ માં તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે. ઉમેદવાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી યાદીમાં મેરીટ ક્રમાંક:૧૪ પર ભલામણ પામેલ છે. સદરહુ વિગતો ધ્યાને લેતાં, ઉમેદવારને ખાસ કિસ્સામાં ઉક્ત સંવર્ગમાં દિવ્યાંગતાની કેટેગરી "C" માં નિમણૂક આપવા તજજ્ઞ સમિતિ દ્વારા અનુમોદન આપવામાં આવેલ છે.

- <u>એજન્ડા નં.૯</u>:- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં મદદનીશ ઇજનેર (સીવીલ) સંવર્ગમાં Both Arm{BA/Both Leg(BL) ની દિવ્યાંગતા ધરાવતા 03 ઉમેદવારોને મેડિકલ બોર્ડનાં અભિપ્રાય અન્વયે નિમણુક આપવી કે કેમ? તે બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

K. R. [signature]

* **<u>કાર્યવાહી</u>**:- મદદનીશ ઇજનેર (સીવીલ) સંવર્ગની જા.ક્ર.-૧૧૧/૨૦૨૪-૨૫ માં જોબ ચાર્ટ મુજબ Bath Arm(BA)/Bath Leg(BL) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર શ્રી પ્રદિપકુમાર પટેલ અને શ્રી નિલેશભાઇ મકવાણા તબીબી અધીક્ષક, સિવિલ હોસ્પિટલ, અમદાવાદના અભિપ્રાય મુજબ ફિલ્ડ વર્ક માટે અસક્ષમ છે અને ટેબલ વર્ક માટે સક્ષમ છે. તેમજ સ્થાયી તબીબી પંચ, વડોદરાના અભિપ્રાય મુજબ શ્રી પ્રદીપ બામણીયા જોબ ચાર્ટ મુજબ ફિલ્ડ વર્ક માટે અસક્ષમ છે અને ઓફીસ સંબંધિત કામગીરી માટે સક્ષમ છે. (શ્રી મકવાણા નર્મદા વિભાગની અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) સંવર્ગની જાહેરાત ક્રમાંકઃ૨૬૮/૨૦૨૪-૨૫ માં પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મેરીટ ક્રમાંક:૦૬ પર ભલામણ પામેલ છે. મદદનીશ ઇજનેર (સિવિલ) અને અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) સંવર્ગની ફરજો સમાન છે. આથી મેડીકલ બોર્ડનો અભિપ્રાય ઉકત બંને સંવર્ગમાં નિમણૂક માટે ગણવાનો રહે છે.) ઉક્ત ૦૩ ઉમેદવારોને મદદનીશ ઇજનેર (સિવિલ) સંવર્ગમાં નિમણૂક આપવી કે કેમ? તે અંગે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનાં ઉપસ્થિત અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન માંગવામાં આવેલ.

  તજજ્ઞ સમિતિ દ્વારા મદદનીશ ઇજનેર(સીવીલ) સંવર્ગમાં કરવાની રહેતી ફિલ્ડ વર્ક અને ટેબલ વર્કની કામગીરી, તેઓને કઇ કચેરીઓમાં Posting આપવામાં આવે છે તે અંગે જાણકારી મેળવી વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી સંવર્ગની કામગીરીને ધ્યાને લઇ દિવ્યાંગ ઉમેદવારોની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરી શકાય તે રીતે નિમણૂક આપવા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

* **<u>એજન્ડા નં.૧૦</u>**:- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકની મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીનાં વિવિધ સંવર્ગોમાં દિવ્યાંગતા અંગેની સમીક્ષા કરી તેમાં સુધારા કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
* **<u>કાર્યવાહી</u>**:- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકની મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીનાં વિવિધ સંવર્ગોની કામગીરી, ભરતી નિયમો, મંજુર થયેલી જગ્યા તેમજ ભારત સરકારમાં માન્ય રાખેલ દિવ્યાંગતાને ધ્યાને લીધા બાદ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત વિચારણાને અંતે નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકની મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીનાં ૦૯ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D&E | A | B | C | D &E |
| ૧ | વિદ્યુત નિરીક્ષક | ૧ | ૧૩ | LV (40-70%) | HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD | - | D, HH | OL, CP, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૨ | ૩૫ | LV (40-70%) | HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD | - | D, HH | OL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |
| ૩ | જુનિયર સહાયક વિદ્યુત નિરીક્ષક (ગ્રેડ-૨) | ૨ | ૫૧ | LV (40-70%) | HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD | - | D, HH | OL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |
| ૪ | જુનિયર સહાયક વિદ્યુત નિરીક્ષક (ગ્રેડ-૩) | ૩ | ૪૦ | LV (40-70%) | HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD | - | D, HH | OL, LC, Dw, AAV, SD, SI | SLD, MI, MD |
| ૫ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૩ | ૫૪ | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI, MDy | ASD (M, MoD), SLD | - | D, HH | OL, LC, AAV, Dw, SD, SI, | SLD, MI, MD |
| ૬ | વહીવટી અધિકારી | ૨ | ૭ | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI, MDy | ASD (M, MoD), SLD, MI(40-70%), MD(40-70%) | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, BLOA, CP, LC, AAV, Dw, SD, SI, MDy | MI, MD |
| ૭ | મુખ્ય કારકુન | ૩ | ૧૭ | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI, MDy | ASD (M, MoD), SLD, MI(40-70%), MD(40-70%) | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | SLD, MI, MD |
| ૮ | સિનિયર કારકુન | ૩ | ૩૪ | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI, MDy | ASD (M, MoD), SLD, MI(40-70%), MD(40-70%) | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | ASD(M), SLD, MI, MD |

K. R. [signature]

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | જુનિયર કારકુન | 3 | ૬૮ | LV (40-70%) | HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI** | **ASD(M), SLD, MI, MD** |

- **<u>એજન્ડા નં.૧૧</u>**:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી હેઠળનાં ૦૭ સંવર્ગોમાં A કેટેગરીમાં જે સંવર્ગની સામે ફક્ત LV તથા B કેટેગરીમાં ફક્ત HH દર્શાવેલ છે તેમાં દિવ્યાંગતાની ટકાવારી નિયત કરવા બાબતની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **<u>કાર્યવાહી</u>**:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી હેઠળનાં ૦૭ સંવર્ગોમાં A કેટેગરીમાં જે સંવર્ગની સામે ફક્ત LV તથા B કેટેગરીમાં ફક્ત HH દર્શાવેલ છે તેમાં આ બેઠકનાં એજન્ડા નં.૫ ની કાર્યવાહી દરમિયાન તબીબી નિષ્ણાતોએ આપેલ અભિપ્રાય મુજબ દિવ્યાંગતાની કેટેગરી-(a) માં ફક્ત Low Vision(LV) ને માન્ય રાખેલ હોય તો દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૮૦% તથા કેટેગરી-(b) માં ફક્ત Hard of Hearing(HH) ને માન્ય રાખેલ હોય તો દિવ્યાંગતાની ટકાવારી ૪૦% થી ૭૦% રાખવાની રહે છે.

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર રહેલ અધિકારીશ્રીઓનાં આભારસહ બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

**CATEGORY ABBREVIATIONS USED**: **B**=Blind, **LV**=Low Vision, **D**=Deaf, **HH**= Hard of Hearing, **OA**=One Arm, **OL**-One Leg, **BA**=Both Arms, **BL**=Both Leg, **OAL**-One Arm and One Leg, **BLOA**=Both Leg & One Arm, **BLA**=Both Legs Arms, **CP**=Cerebral Palsy, **LC**-Leprosy Cured, **Dw**=Dwarfism, **AAV**=Acid Attack Victims, **MDy**= Muscular Dystrophy, **ASD**=Autism Spectrum Disorder (M= Mild, MoD= Moderate), **ID**= Intellectual Disability, **SLD**= Specific Learning Disability, **MI**= Mental Illness, **MD**=Multiple Disabilities, **SD**=Spine Deformity, **SI**=Spine Injury.

01/09/2026
ડૉ.મિત્તલ કુછડીયા
ઓપ્થલ્મોલોજીના મદદનીશ પ્રાધ્યાપક
દિવ્યાંગતાની કેટેગરી-(a) નાં તબીબી નિષ્ણાત

1/9/2026
ડૉ.નિક્કી ગજ્જર
ઇ.એન.ટી.ના મદદનીશ પ્રાધ્યાપક
દિવ્યાંગતાની કેટેગરી-(b) નાં તબીબી નિષ્ણાત

(રિતેશકુમાર એમ.)
નાયબ સચિવ (રોસ્ટર)
સામાજીક ન્યાય અને
અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર

| | |
|---|---|
| 01/09/2026<br>ડૉ.હાર્દીક શાહ<br>ઓર્થોપેડીકના મદદનીશ પ્રાધ્યાપક<br>દિવ્યાંગતાની કેટેગરી-(c) નાં તબીબી નિષ્ણાત | ડૉ.કૌશલ જાડેજા<br>સાયક્યાટ્રીકના મદદનીશ પ્રાધ્યાપક<br>દિવ્યાંગતાની કેટેગરી-(d) નાં તબીબી નિષ્ણાત |
| (ડૉ.અજય ચૌહાણ)<br>S.P.O.M.H.<br>કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને<br>તબીબી શિક્ષણની કચેરી વતી. | 1/9/26.<br>(ડૉ.રીના ચૌધરી)<br>નિયામક<br>સમાજ સુરક્ષા ખાતુ |
| (યુવરાજસિંહ જાડેજા)<br>ઉપ સચિવ(ક.ગ.-૧)<br>નાયબ સચિવ(ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ વતી | (કિશોર રાઠવા)<br>નાયબ સચિવ અને સભ્ય સચિવ<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| (વી.જે.રાજપુત)<br>કમિશનર<br>કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરી | (હર્ષદ પટેલ)<br>સચિવ અને અધ્યક્ષ<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ |

# એનેક્ષર-૧

તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ ૦૩:૦૦ કલાકે યોજાયેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી:-

1. સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
3. નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નાયબ સચિવશ્રી(રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નાયબ સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ વતી શ્રી યુવરાજસિંહ જાડેજા, ઉપ સચિવ(ક.ગ.-૧), સામાન્ય વહીવટ વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
6. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ.
8. ડૉ.મિત્તલ કુછડીયા, ઓપ્થલ્મોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, જી.એમ.ઇ.આર.એસ., મેડિકલ કોલેજ, ગાંધીનગર.
9. ડૉ.નિક્કી ગજ્જર, ઇ.એન.ટી.ના મદદનીશ પ્રાધ્યાપક, જી.એમ.ઇ.આર.એસ., મેડિકલ કોલેજ, ગાંધીનગર.
10. ડૉ.હાર્દીક શાહ, ઓર્થોપેડીકના મદદનીશ પ્રાધ્યાપક, જી.એમ.ઇ.આર.એસ., મેડિકલ કોલેજ, ગાંધીનગર.
11. ડૉ.કૌશલ જાડેજા, સાયક્યાટ્રીકના મદદનીશ પ્રાધ્યાપક, જી.એમ.ઇ.આર.એસ., મેડિકલ કોલેજ, ગાંધીનગર.
12. ડૉ.પ્રકાશ જયંતીલાલ મંકોડી
13. શ્રી શૈલેષકુમાર કેશવલાલ પંચાલ

આ ઉપરાંત બેઠકમાં કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંબધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતાં.